સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવિષ્ટ જાતિઓ પરત્વે વધુ સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૪/૩૭૧૯૩૪/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૮/૦૧/૨૦૧૫

**વંચાણે લીધા:**

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ, તા.૦૧/૦૪/૧૯૭૮

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ-૧૪૦૨-૧૪૪૪-અ તા.૬/૬/૨૦૦૫

(૩) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૩૧/૫/૨૦૧૪ પત્રક્રમાંક : વિજાક/જન/જાપ્રપ/૨૦૧૪-૧૫/૮૧૬

**પ્રસ્તાવના:**

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રચવામાં આવેલ બક્ષી કમિશનની ભલામણોનો સરકારશ્રીએ વંચાણ (૧) થી સ્વીકાર કર્યો ત્યારે કૂલ-૮૨ જાતિઓ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ. ત્યારબાદ માંડલ કમિશનની ભલામણોના આધારે તથા અન્ય પછાત વર્ગોના પંચની ભલામણોના આધારે આ યાદીમાં વખતોવખત ઉમેરો થતાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સંકલીત યાદી વંચાણ (૨) પરના ઠરાવથી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવિષ્ટ કેટલાક જાતિ/સમુહોની રજુઆત મળેલ કે મુળ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવવામાં તકલીફ પડે છે. જે અન્વયે નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણખાતાના ઉક્ત વંચાણ (૩) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવ:

નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાના ઉક્ત વંચાણ (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં નીચે જણાવેલા અનુક્રમ નંબર ઉપર સમાવિષ્ટ જાતિ સામે સ્પષ્ટતા સૂચક શબ્દો તથા ચિન્હો ઉમેરવા ઠરાવવામાં આવે છે .

| જાતિ ક્રમાંક | હાલની સ્થિતી | ઠરાવેલ સુધારો |
|---|---|---|
| ૯૯ | કુંભાર(બીયાર,કદરા પટેલ, લાઠીયા, પોટમેકર, પ્રજાપતિ, વરીયા, વરીઆ) સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપતિ, ગુજ્જર ક્ષત્રીય કડીયા, કડીયા કુંભાર, ક્ષત્રીય કડીયા, કડીયા | કુંભાર, કુંભાર(બીયાર,કદરા પટેલ, લાઠીયા, પોટમેકર, પ્રજાપતિ, વરીયા, વરીઆ) સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, પ્રજાપતિ, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપતિ, ગુજ્જર ક્ષત્રીય કડીયા, કડીયા કુંભાર, ક્ષત્રીય કડીયા, કડીયા |

આ ઠરાવ ઉપર્યુક્ત જાતિ/સમુહોને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપ્ત્ર મેળવવામાં પડતી હાલાકી (Hardship) નિવારવા તેમજ જાતિ પ્રમાણપત્ર આપતી વખતે ગેરસમજણ દૂર કરવાના હેતુથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.આર.બ્રહ્મક્ષત્રીય)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ શ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.*
- શાખા સિલેક્ટ ફાઇલ
- --------

* પત્ર દ્વારા .